BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
( Established vide Government of Gujarat Act No. 23/2015 )

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
( ગુજરાત અધિનિયમ નં. ૨૩ / ૨૦૧૫ દ્વારા સ્થાપિત )

**પરીપત્ર:**

**વિષય :- સને ૨૦૨૩-૨૪ નાં નાણાંકીય વર્ષથી ચુકવણા બીલોમાંથી T.D.S. (Income Tax) ની રકમ કપાત કરવા બાબત.**

**સંદર્ભ :- અત્રેનાં વિભાગની તા. ૦૧/૦૪/૨૦૨૩ પર માન. કુલપતિશ્રીની મળેલ મંજુરી અન્વયે.**

ઉપરોક્ત વિષય પરત્વે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીનાં અનુસ્નાતક ભવનોનાં અધ્યક્ષશ્રીઓ/વિભાગનાં વડાઓ તથા સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ/પ્રાધ્યાપકશ્રીઓને જણાવવાનું કે નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ થી અત્રેની યુનિવર્સિટી ખાતે પ્રાધ્યાપકશ્રીઓ દ્વારા તેમનાં વ્યક્તિગત રેમ્યુનરેશનનાં (મહેનતાણાં) પેટેનાં ચુકવણાં માટે રજુ થતાં પરીક્ષા પેપર સેટીંગ, પરીક્ષા સ્કોવોર્ડ, પરીક્ષા પેપર એસેસમેન્ટ, પ્રેક્ટીકલ પરીક્ષા વગેરે પ્રકારનાં બીલોમાંથી સરકારશ્રીનાં પ્રવર્તમાન નિયમો અનુસાર અત્રેથી T.D.S. (Income Tax) ની રકમ કપાત કરવામાં આવનાર હોઈ આપનાં તરફથી રજુ કરવામાં આવતાં વ્યક્તિગત રેમ્યુનરેશનનાં (મહેનતાણાં) નાં તમામ પ્રકારનાં બીલોમાં આપનો PAN નંબર દર્શાવવો ફરજિયાત રહેશે. જેથી નિયમોનુસાર T.D.S. (Income Tax) ની રકમ કપાત કરી સરકારશ્રીમાં જમા કરાવી શકાય. **જો આપનાં મહેનતાણાંનાં બીલમાં આપનો PAN નંબર દર્શાવેલ નહીં હોય તો અત્રેથી આપનાં બીલની રકમનું ચુકવણું કરવામાં આવશે નહીં.** જેનાથી વિદિત થાય.

**(નોંધ :- જો કપ્રાધ્યાપકશ્રી અગાઉથી યુનિવર્સિટી ખાતેથી ફાળવેલ પોતાનાં એકાઉન્ટ કોડમાં PAN નંબર રજીસ્ટર કરાવવા માંગતા હોય તો તેઓએ નીચે આપેલ ગુગલ લિંકમાં માહિતી ભરવી.)**

Google Link :- https://forms.gle/TeTno3y7QwcgwG4h6

હિસાબી અધિકારી
હિસાબી શાખા

ક્રમાંક/બીકેએનએમયુ/હિસાબી/૩૨૯/૨૦૨૩
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જૂનાગઢ-362263
તા. ૧૦/૦૪/૨૦૨૩

પ્રતિ,
**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય સંસ્થાઓના વડાઓ તથા પ્રાધ્યાપકશ્રીઓ તરફ...**

**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:-**

(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ.....
(૨) યુનિવર્સિટીનાં તમામ વિભાગનાં વડાઓ તરફ..... (આપની કક્ષાએથી જરૂરી જાણ કરવા અર્થે)
(૩) આઈ.ટી. સેલ જરૂરી કાર્યવાહી અર્થે અને વેબસાઈટ પર પ્રસિધ્ધ થવા અર્થે